કમાન્ડો તાલીમ કેન્દ્ર,ખલાલ
ખાતે કચેરી કાર્યાન્વીત
કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક:તલમ/૧૦૨૦૧૬/૨૬૯/અ
તા.૧૫/૦૯/૨૦૧૮.

વંચાણે લીધા:

(૧) વિભાગનો ૨૨/૦૬/૨૦૧૦નો ઠરાવ ક્ર. તલમ/૧૦૨૦૧૦/૩૨૮/અ.
(૨) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ)નો તા.૨૦/૦૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક:તલમ/જીએબી/કાર્ડેક્ષનંબર/૪૩૫/૧૬.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ)નો તા.૦૪/૦૮/૨૦૧૭નો પત્ર ક્રમાંક:તલમ/જીએબી/ખલાલ/ડીડીઓ/૧૭૭૬/૧૭.
(૪) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ)નો મે-૨૦૧૮નો પત્ર ક્રમાંક:તલમ/જીએબી/ખલાલ/જમન/૮૯૨/૧૮.
(૫) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ)નો તા.૨૪/૦૭/૨૦૧૮નો પત્ર ક્રમાંક:તલમ/જીએબી/કાર્ડેક્ષ/ક.વડા/૧૫૧૪/૧૮.

ઠરાવ:-

ઉપર મુજબના વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના ગૃહ વિભાગના ઠરાવથી ખલાલ, ખેડા ખાતે કમાન્ડો તાલીમ કેંદ્રને વર્ષ ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરી નવી સેવાની ગુજરાત પોલીસ માટે N.S.G. જેવુ કમાન્ડો તાલીમ કેંદ્ર ઊભુ કરવા કુલ-૩૪ જગ્યાઓ ઊભી કરવા અને તે માટે કુલ રૂપિયા ૧૮.૧૩/- લાખની જોગવાઈને મંજૂરી આપવામાં આવેલ છે.વંચાણે લીધેલ ક્રમાંક(૨) થી ક્રમાંક(૪)ના પત્રથી કમાન્ડો તાલીમ સેન્ટર ,ખલાલની કચેરી શરૂ કરવા માટે ડી.ડી.ઓ. અને કાર્ડેક્ષ નંબરની મંજૂરી અંગેની કાર્યવાહી સબબ અધિક પોલીસ મહાનિદેશક(તાલીમ), ગુજરાત રાજ્ય દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૫) પરના તા.૨૪/૦૭/૨૦૧૮ના કચેરી હુકમથી નાયબ પોલીસ મહાનિરીક્ષક, કમાન્ડો તાલીમ કેંદ્ર,ખલાલને કચેરીના વડા તરીકે જાહેર કરેલ છે.

૨. ઉક્ત બાબત ધ્યાને લેતા સરકારી નાણાકીય વહીવટના સરળ સંચાલન માટે કમાન્ડો તાલીમ કેન્દ્ર, ખલાલ,જીલ્લો-ખેડાની કચેરીને વંચાણે લીધા ક્રમાંક(૧)ના ઠરાવની તારીખથી કાર્યાન્વીત કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.આર.ભમ્મર )
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

*(૧) માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાધીનગર.

(૨) માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.

(૩) માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.

(૪) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,પોલીસ ભવન,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૫) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ), પોલીસ ભવન,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

(૬) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, કમાન્ડો તાલીમ કેંદ્ર, ખલાલ , જીલ્લો-ખેડા.

(૭) નાયબ સચિવશ્રી(બજેટ), ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૮) નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૯) નાણા વિભાગ/ઝ-૧ શાખા, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૧૦) એકાઉન્ટ જરનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

(૧૧) જીલ્લા તીજોરી અધિકારીશ્રી,ખેડા.

(૧૨) સિસ્ટમ મેનેજરશ્રી,ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(વિભાગની વેબસાઈટ પર મુકવા સારૂ.)

(૧૩) શાખા પસંદગી ફાઈલ-૨૦૧૮.

(૧૪) ના.સેક્શન અધિકારી પસંદગી ફાઈલ-૨૦૧૮.

---

*પત્ર દ્વારા